# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૪/ક્વા-૦૨/૨૦૨૧-૨૨/ ૭૮૪૩-૧ તારીખ : ૨૯ - ૧૨ - ૨૦૨૧

**રજી. એડી. પત્ર**

પ્રતિ,
મેનેજીંગ ટ્રસ્ટી શ્રી, જસદણ વિકાસ ટ્રસ્ટ
રેલ્વે સ્ટેશન રોડ,
મું. પો. : વિંછીયા, તા. : જસદણ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૫૫
મોબાઈલ : ૯૪૨૮૭૬૧૧૦૦

**વિષય :** સોલાર કનેક્શન પછી ૩ વર્ષે એક સાથે મોટું બીલ આપી કનેક્શન કાપી નાખેલ બાબત.

**સંદર્ભ:** આપશ્રીની રજુઆત તા. ૦૭-૦૮-૨૦૨૧.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૨૪/ક્વા-૦૨/૨૦૨૧-૨૨ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

**બિડાણ : ઉપર મુજબ.**

**નકલ સાદર રવાના :**

**(૧) અધિક્ષક ઇજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.**

**(૨) કાર્યપાલક ઇજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, જસદણ.**
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિધ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

**(૩) નાયબ ઇજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વિંછીયા.**

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

E-Mail- forum.pgvcl@gebmail.com


પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૪/ક્વા-૨/૨૧-૨૨/૭૮૪૩-૪ તા.૨૯-૧૨-૨૦૨૧

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

Case No.PG- ૨૪/ક્વા-૨/૨૧-૨૨

| | |
|---|---|
| અરજદાર | : મેનેજીંગ ટ્રસ્ટી શ્રી, જસદણ વિકાસ ટ્રસ્ટ ગામ: વિંછીયા |
| પેટા વિભાગીય કચેરી | : વિંછીયા |
| રજૂઆત કરનાર | : અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે ફ્રાન્સીસ જોસેફ ઓઝાક્કલ હાજર રહેલ છે. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - જસદણ |
| રજૂઆત કરનાર | : શ્રી એસ.જી.દત્તાણી કાર્યપાલક ઈજનેર પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – જસદણ અને તેમની સાથે નાયબ અધિક્ષક (રેવ.) એસ.એ.ગામીત પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – જસદણ |

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી.મકવાણા,

૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ: ૨૨-૧૨-૨૧ (બુધવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૪-૦૯-૨૦૨૧ (શુક્રવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે ફ્રાન્સીસ જોસેફ ઓઝાક્કલ અને ધર્મેન્દ્ર વ્યાસ હાજર રહેલ હતા તેમજ પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી શ્રી એસ.જી.દત્તાણી કાર્યપાલક ઈજનેર પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – જસદણ અને તેમની સાથે નાયબ અધિક્ષક (રેવ.) એસ.એ.ગામીત પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – જસદણ હાજર રહેલ હતા. અરજદારની રજૂઆત અન્વયે ફોરમ કમિટી દ્વારા પી.જી.વી.સી.એલ. પક્ષકાર ને સદર જગ્યાની સ્થળ વિઝીટ કરી અને જરૂરી અહેવાલ રજુ કરવા જણાવવામાં આવેલ હતું. જેથી, સદર કેઈસની સુનાવણી તા.૨૨-૧૨-૨૦૨૧ ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજુઆતમાં જણાવે છે કે વિંછીયા ગામે વિંછીયા પેટાવિભાગીય કચેરી હેઠળ તેઓની જસદણ વિકાસ ટ્રસ્ટ સંચાલિત નવવિધાન નામે સ્કુલ આવેલ છે. સદર સ્કુલમાં અરજદારના નામે ગ્રાહક નં.૮૧૮૦૨/૦૨૩૪૬/૧ થી વિંછીયા પેટાવિભાગીય કચેરી હેઠળ વીજજોડાણ આવેલું છે. જેના મીટર નં. PGST ૦૦૧૧૦૪ અને PGST ૦૦૫૮૬૦૬૮ આવેલ છે.

૨.૧ ઉપરોક્ત સ્કુલમાં સદર વીજજોડાણ ગ્રાહક નં.૮૧૮૦૨/૦૨૩૪૬/૧ માં તા.૨૫/૧૨/૨૦૧૭ ના રોજ સોલાર સીસ્ટમ ફીટ કરવામાં આવેલ છે. સદર સ્કુલમાં સોલાર સીસ્ટમ ફીટ કર્યાની તારીખથી સંલગ્ન પેટાવિભાગીય કચેરીના કોઈપણ અધિકારી/અધિકૃત વ્યક્તિઓ દ્વારા વીજબીલ આપવામાં આવેલ નથી ત્યારબાદ તા.૧૯/૦૨/૨૦૨૧ ના રોજ સંલગ્ન પેટાવિભાગીય કચેરી દ્વારા એકીસાથે રૂ.૧૮૮૬૧૪/૫૮ પૈસાનું બીલ આપવામાં આવેલ છે જે બીલ ગેરવ્યાજબી જણાય છે.

૨.૨ અરજદાર વધુમાં જણાવે છે કે સંલગ્ન પેટાવિભાગીય કચેરી દ્વારા આજ સુધી વીજબીલ આપવામાં આવેલ ન હતુ. સદર બીલ બાબતે સંલગ્ન પેટાવિભાગીય કચેરીના કર્મચારી દ્વારા અરજદારને જણાવવામાં આવેલ કે "સોલાર સીસ્ટમ ફીટ કરાવેલ હોવાથી સદર બીલની રકમ તેમાં સરભર થઈ જશે. ઉપરાંત પી.જી.વી.સી.એલ. પાસેથી તફાવતની રકમ લેવાની નીકળશે". આમ બીલના જમા રૂપિયા હોવાનું જણાવેલ પરંતુ પી.જી.વી.સી.એલ. દ્વારા રૂ.૧૮૮૬૪૧.૯૦ સદર રકમનું બીલ સંલગ્ન કચેરી દ્વારા આપવામાં આવેલ છે તેમજ અગાઉ કોઈ જાતની સુચના આપ્યા વગર જ સદર વીજજોડાણ કપાત કરેલ છે.

૨.૩ વધુમાં છેલ્લા દોઢ વર્ષથી કોરોનાના કારણે સદર મીટર પર વીજવપરાશ થયેલ નથી. આમ, સદર બાબતે યોગ્ય થવા તેમજ વીજજોડાણ જોડી આપવા માટે અરજદાર દ્વારા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે શ્રી જસદણ વિકાસ ટ્રસ્ટ સંચાલિત સ્કુલમાં જસદણ વિકાસ ટ્રસ્ટ, ગ્રાહક નં.૮૧૮૦૨/૦૨૩૪૬/૧ થી સીંગલ ફેઇઝ, રહેણાંક હેતુનું ૦.૫ કિ.વો.નું વિજજોડાણ આવેલ છે.

૩.૧ અરજદારની અરજીમાં જણાવ્યા મુજબ તા.૨૫.૧૨.૨૦૧૭ ના રોજ સદર વિજજોડાણમાં સોલાર સિસ્ટમ ફીટ કરવામાં આવેલ છે ત્યારબાદ તેઓને વિજબીલ આપવામાં આવેલ નથી તેમજ તા.૧૯.૦૨.૨૦૨૧ના રોજ વિછીયા પેટા વિભાગીય કચેરી દ્વારા એકી સાથે રૂ.૧૮૮૬૧૪.૫૮ નુ બીલ આપવામાં આવેલ છે. તે પ્રકારની ગ્રાહકની ફરિયાદ બાબતે વિગતવાર માહિતી નીચે મુજબ રજુ કરેલ છે.

૩.૨ અરજદારના જસદણ વિકાસ ટ્રસ્ટના નામનુ વિંછીયા પેટા વિભાગીય કચેરી હેઠળના વિછીયા ગામે વીજગ્રાહક નંબર-૮૧૮૦૨/૦૨૩૪૬/૧ થી ૦.૫ કી.વો. કરારીત વિજભારનું વીજજોડાણ તારીખ-૨૫.૧૨.૨૦૦૨ થી ધરાવે છે.

૩.૩ ત્યારબાર ગ્રાહક દ્વારા સોલાર રૂફ ટોપની અરજીના અનુસંધાને રહેણાંક હેતુનું તા.૨૫.૧૨.૨૦૧૭ ના રોજ મીટર બદલાવેલ હતું. જે એલ.ટી.બિલિંગ સિસ્ટમમાં માહે જુન-જુલાઈ-૨૦૧૮ ની બિલિંગ સાયકલમાં અસર આવેલ હતી. પરંતુ ટેકનીકલ ભૂલના કારણે બીલમાં મીટર ન.PGST 00586068 આવેલ છે. જયારે સ્થળ ઉપર મીટર ન.1618745 છે. મીટર નંબરની આ પ્રકારની વિસંગતતાને કારણે મીટર રીડર દ્વારા માહે નવેમ્બર-ડીસેમ્બર-૨૦૨૦ બિલિંગ સાયકલ સુધી "૦" યુનિટનું વિજબીલ ગ્રાહકને આપવામાં આવેલ હતું. ઉપરાંત આ સમયગાળામાં મીટર રીડર દ્વારા સદર બાબતે મૌખિક રજૂઆત પણ કરેલ હતી.

૩.૪ ત્યારબાદ મીટર રીડર દ્વારા માહે નવેમ્બર-ડીસેમ્બર-૨૦૨૦ બિલ્ડ ઇન જાન્યુ-૨૦૨૧ ની બિલિંગ સાયકલ દરમ્યાન ગ્રાહકને ઈમ્પોર્ટ ૨૬૯૦૯ જયારે એક્ષ્પોર્ટ ૧૯૮૬ યુનીટ હતા. જેથી ગ્રાહકને ૨૪૯૨૩ યુનિટનું રૂ.૧૭૯૦૯૦.૧૮ નુ એક સાથે બીલ આપવામાં આવેલ હતું જે બીલમાં રૂ.૩૪૩૭.૬૧ જૂની બાકી રકમ મળી કુલ રૂ.૧૮૨૫૨૭.૭૯ નુ વિજબીલ આપવામાં આવેલ હતું.

૩.૫ આમ એક સાથે અપાયેલા યુનિટનુ નિયમ મુજબ ગ્રાહકના હિતમાં બિલીંગ સાયકલ પ્રમાણે બે-બે માસનું સ્લેબ વાઈઝ બાયફર્ગેશન કરી ગ્રાહકને તફાવતની રકમ રૂ.૯૪૪૪.૨૦ જમા આપવા બાબતની જાણ પત્ર ન.વીએસડી/૨૭૦૮ તા:૦૯.૦૬.૨૦૨૧ ના રોજ કરવામાં આવેલ છે જેની નકલ ફોરમ સમક્ષ રજુ કરેલ છે. ગ્રાહક દ્વારા તા.૦૪.૦૬.૧૮ ના રોજ રૂ.૨૯૧૦/- ભરપાઈ કર્યા બાદ છેલ્લા ૦૩ વર્ષથી વધુ સમયથી એક પણ બીલ ભરપાઈ કરેલ નથી. આમ ગ્રાહક દ્વારા તા.૨૮.૧૨.૨૦૨૦ ના રોજ રૂ.૧૮૨૫૨૭.૭૯ ના બીલની રકમ ભરપાઈ ન કરતાં તા.૦૨.૦૭.૨૦૨૧ ના રોજ વિજકનેક્શન કંપનીના પ્રવર્તમાન નિયમ મુજબ કાપવામાં આવેલ હતું.

૩.૬ સદર મીટર ન.PGBSP001104 નુ તા.૦૪.૦૮.૨૦૨૧ ના રોજ લેબોરેટરીમાં ગ્રાહકના પ્રતિનિધિની હાજરીમાં ટેસ્ટીંગ કરવામાં આવેલ હતું જેમાં કોઈ ગેરરીતી માલુમ પડેલ નથી. તેમજ મીટરનો MRI રિપોર્ટ પણ લેવામાં આવેલ હતો. જે મુજબ તા.૧૧.૦૩.૨૦૨૦ થી તા.૧૦.૦૩.૨૦૨૧ સુધીના ડેટા મુજબ ગ્રાહક દ્વારા વિજ વપરાશ કરવામાં આવેલ છે તેવું સ્પષ્ટ જણાય છે જેની નકલ ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

૩.૭ આમ ગ્રાહકને નિયમોનુસાર વિજબીલ આપવામાં આવેલ છે. તેમજ એકી સાથે આપવામાં આવેલ બીલમાં નિયમ મુજબ ગ્રાહકના હિતમાં બિલીંગ સાયકલ પ્રમાણે બે-બે માસનું સ્લેબ વાઈઝ બાયાફર્ગેશન કરી ગ્રાહકને તફાવતની રકમ રૂ.૯૪૪૪.૨૦ જમા આપવા બાબતની જાણ પત્ર ન.વીએસડી/૨૭૦૮/તા:-૦૯.૦૬.૨૦૨૧ ના રોજ કરવામાં આવેલ છે જે કંપનીના નિયમોનુસાર યોગ્ય જ છે.

૩.૮ ફોરમની સુનાવણી તા.૨૪-૦૯-૨૦૨૧ દરમ્યાન અપાયેલ સુચના મુજબ – સ્થળ તપાસ કરીને સદર સંકુલમાં આવેલ તમામ વીજજોડાણોનો વિગતવાર અભ્યાસ કરીને લેખિત જવાબ આપવા જણાવેલ જે અનુસંધાને મુદ્દાસર અહેવાલ નીચે મુજબ છે.

૧. ગ્રાહક દ્વારા સોલાર રૂફ ટોપની અરજીના અનુસંધાને રહેણાંક હેતુનું વીજગ્રાહક નંબર-૮૧૮૦૨/૦૨૩૪૬/૧ થી ૦.૫ કી.વો. તા.૨૫.૧૨.૨૦૧૭ ના રોજ મીટર બદલાવેલ હતું. જેમાં તારીખ ૨૫.૧૨.૨૦૧૭ ના પ્રફોર્મા ૧૫ મુજબ જુનું મીટર નંબર PGST 00586068ઉતારેલ અને Bi-Directional મીટર નંબર PGBSP001104 લગાડવામાં આવેલ. જે જુનું મીટર મીટર નંબર PGST 00586068 નું તારીખ ૧૫.૦૩.૨૦૧૮ ના રોજ લેબ પરીક્ષણ થતાં છેલ્લા રીડિંગ ૧૫૪૧૦ છે. તેમજ મીટર પણ બરાબર છે. માહે જુલાઇ-ઓગસ્ટ-૨૦૧૭ બિલ્ડ ઇન સપ્ટે-૨૦૧૭ માં છેલ્લા રીડિંગ ૧૪૧૦૬ સુધીનું વીજબિલ આપવામાં આવેલ જેમાં લેબ રિપોર્ટ મુજબ છેલ્લા રીડિંગ ૧૫૧૪૦ નીકળેલ માટે ૧૫૧૪૦ માંથી ૧૪૧૦૬ યુનિટ બાદ કરતા માહે સપ્ટે-ઑક્ટો-૨૦૧૭ બિલ્ડ ઇન નવેમ્બર-૨૦૧૭ માં તફાવતીય ૧૦૩૪ યુનિટનું રકમ રૂ. ૯૬૨૮.૮૨ વીજબિલ ભરવા પાત્ર થાય છે. જેમાં ગ્રાહક દ્વારા રકમ રૂ.૨૪૧૦ ભરપાઈ કરેલ. જેથી કુલ બાકી રકમ રૂ.૭૧૭૪.૭૧છે.

P.G.V.C.L. Rajkot Consumer Grievance Redressal Forum

૨. ગ્રાહક દ્વારા વીજબિલ ભરપાઈ ન કરતાં તારીખ-૧૦.૦૩.૨૦૨૧ ના રોજ સ્થળ પરથી વીજમીટર ઉતારવામાં આવેલ જે ઉતારેલ મીટર ન.PGBSP001104નુ તા. ૦૪.૦૮.૨૦૨૧ ના રોજ લેબોરેટરીમાં ગ્રાહકના પ્રતિનિધિની હાજરીમાં ટેસ્ટીંગ કરવામાં આવેલ હતું. જેમાં કોઈ ગેરરીતી માલુમ પડેલ નથી. જે લેબ રિપોર્ટ મુજબ તારીખ ૧૦.૦૩.૨૦૨૧ ના ઇમ્પોર્ટ યુનિટ ૨૮૬૫૦.૫૫ છે. જ્યારે એક્ષ્પોર્ટ ૨૩૮૭.૯૦

યુનીટ હતા. જેથી ગ્રાહકનું સોલાર મીટર લગાડેલ ત્યારથી ગ્રાહકનું મીટર ઉતાર્યા સુધીના કુલ ૨૬૨૬૨.૫૬ યુનિટનું વીજબિલ આપવા પાત્ર થાય છે.

સદર મીટરના લેબરિપોર્ટ માંથી મળેલ તારીખ-૧૧.૦૩.૨૦૨૦ થી ૧૦.૦૩.૨૦૨૧ ના MRI ડેટા મુજબ કુલ ૩૬૪ દિવસની વપરાશની વિગત નીચે મુજબ છે.

| | Date | Import Reading | Export Reading | Diff. |
|---|---|---|---|---|
| Lab Report MRI Data | 10-03-21 | 28650.55 | 2387.99 | 26262.56 |
| | 11-03-20 | 19336.54 | 1700.1 | 17636.44 |
| Days | 364 | 9314.01 | 687.89 | 8626.12 |

ઉપરોક્ત MRI વિગત મુજબ કુલ ૩૬૪ દિવસોના વપરાશ ૮૬૨૩.૧૨ યુનિટ છે વધુમાં ૪.૫૦ થી ૬.૨૨ સુધી બિલિંગ એમ.ડી નોંધાયેલ છે.

| Days | Reading | Assumption |
|---|---|---|
| 364 | 8626.12 | 27750.51 |
| 1171 | ? | |

જો ગ્રાહકે ૩૬૪ દિવસમાં ૮૬૨૩.૧૨ યુનિટ વપરાશ કરેલ હોય તો ૧૧૭૧ દિવસમાં આશરે ૨૭૭૫૦.૫૧ યુનિટ વપરાશ કરેલ હોય તેવી ધારણા કરી શકાય.

| | | | | |
|---|---|---|---|---|
| Meter Remove | 10-03-2021 | 28650.55 | 2387.99 | 26262.56 |
| Solar Meter Release | 25-12-2017 | 0 | 0 | 0 |
| Days | 1171 | 28650.55 | 2387.99 | 26262.56 |

ઉપરોક્ત લેબ રિપોર્ટના MRI વિગત મુજબ ફલિત થાય છે કે તારીખ-૨૫.૧૨.૨૦૧૭ થી ૧૦.૦૩.૨૦૨૧ ના સમયગાળા દરમ્યાન ગ્રાહક દ્વારા કુલ ૨૬૨૬૨.૫૬ યુનિટનું વીજવપરાશ કરેલ છે. જે વીજબિલ ગ્રાહક દ્વારા ભરપાઈ કરવા પાત્ર છે. જેમાં નવે-ડિસે-૨૦૨૦ બિલ્ડ ઇન જાન્યુ-૨૦૨૧ માં એકી સાથે ગ્રાહકને ૨૪૯૨૩ યુનિટનું રૂ.૧૭૯૦૯૦.૧૮ નુ વીજબિલ આપવામાં આવેલ છે. ત્યારબાદ જાન્યુ-ફેબ્રુ-૨૦૨૧ બિલ્ડ ઇન માર્ચ-૨૦૨૧ માં ૯૪૨ યુનિટનું રૂ.૬૦૮૬.૭૯ વીજબિલ આપવામાં આવેલ છે.

પરંતુ લેબ રિપોર્ટ મુજબ કુલ ૨૬૨૬૨.૫૬ યુનિટનું વીજબિલ આપવા પાત્ર થાય છે. જેમાંથી ૨૪૯૨૩ અને ૯૪૨ યુનિટ સાથે કુલ ૨૫૮૬૫ યુનિટનું વીજબિલ આપવામાં આવેલ છે. હવે કુલ ૨૬૨૬૨.૫૬ યુનિટનું માથી ૨૫૮૬૫ યુનિટ બાદ કરતા ૩૯૭.૫૬ યુનિટનું વીજબિલ આપવા પાત્ર થાય છે. જે એલટી બિલિંગ સિસ્ટમાં ઉધાર કરવાના બાકી છે.

૩. તા.૧૮.૧૦.૨૦૨૧ ના રોજ કરેલ સ્થળ ઉપરનું ખાતાકીય રોજકામ મુજબ સ્થળ પર જસદણ વિકાસ ટ્રસ્ટના નામથી ટ્રસ્ટ સંચાલિત ખુબજ વિશાળ શૈક્ષણિક સંકૂલ આશરે ૧૫ વિધાની જમીનમાં પથરાયેલું છે. જેમાં ગર્લ્સ/બોયઝ હોસ્ટેલ, વિવિધ લેબોરેટરી જેવી કે કોમ્પુટર લેબ, ફિઝીક્સ લેબ, કેમેસ્ટ્રી લેબ, લાઈબ્રેરી, ટ્રસ્ટીઓના રહેણાંક મકાન, ઓફિસો, બાલ મંદિર તથા ક્વાર્ટ્સ વગેરે આવેલ છે. તેમજ બાસ્કેટ-બોલ અને ફૂલબોલ ગ્રાઉન્ડ વગેરે પણ આવેલ છે.

વિવાદિત વીજજોડાણના મીટર માંથી જે જગ્યાએ વીજ વપરાશ કરવામાં આવતો હતો તે સ્થળ એક મોટી ગર્લ્સ હોસ્ટેલ/બોર્ડિંગ છે. જેમાં ભોંયતળિયે આશરે આઠ અલગ અલગ રૂમ તેમજ બે મોટા હોલ આવેલા છે. જેમાં સ્થળ રોજકામ મુજબ કુલ ૬.૩૭૮ કી.વો. વિજભાર જોડાયેલ માલૂમ પડેલ છે. જ્યારે વીજજોડાણ ૦.૫ કી.વો. નું હતું જેમાં ૦.૫ કી.વો. સોલારરૂફ ટોપ સિસ્ટમ લગાડેલ છે.

૪. સદર શૈક્ષણિક સંકૂલમાં ઉપરોક્ત વીજ જોડાણ સિવાયના અન્ય ચાર અલગ -અલગ વીજ જોડાણો આવેલા છે. જેમની વિગત વાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | વીજજોડાણ નંબર | વીજજોડાણનું નામ | ટેરિફ | કરારીત વીજભાર (કી.વો.) | સ્થળ રોજકામ દરમ્યાન જોડાયેલ કુલ વિજભાર (કી.વો.) | વિવાદિત સમયગાળા પહેલાનાં ૧૮/૩૬ વીજબિલોની સરેરાશ (યુનિટમાં) | વિવાદિત સમયગાળાપછી વીજબિલોની સરેરાશ યુનિટમાં |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૮૧૮૦૨૦૨૩૪૬૧ (વિવાદિત જોડાણ) | જસદણ વિકાસ ટ્રસ્ટ કે/ઓ ફાધર ફ્રાન્સીસ જોસેફ | RGPR | ૦.૫ | ૬.૩૭૮ | ૫૪૪ | - |
| ૨ | ૮૧૮૦૨૦૩૬૯૪૬ | ફાધર ફ્રાન્સીસ જોસેફ ઓઝકલ | RGPR | ૦.૫ | ૪.૮૨૫ | ૨૮૮ | ૩૧૬ (૧૮ બિલ) |
| ૩ | ૮૧૮૦૨૦૪૩૭૬૪ | જસદણ વિકાસ ટ્રસ્ટ કે/ઓ ફાધર ફ્રાન્સીસ જોસેફ | NRGP | ૬.૫ | ૨૧.૪૨૩ | ૨૯૦ | ૨૦ (૧૭ બિલ) |
| ૪ | ૮૧૮૦૨૦૩૬૯૫૪ | નવ વિધાન બાલમંદિર | GLP | ૧.૫ | ૨.૨૬૦ | ૧૨૭ | ૩૭૪ (૧૮ બિલ) |
| ૫ | ૮૧૮૦૨૦૩૬૯૬૨ | સિસ્ટર રૂસ્ટમ સાકરીયા | RGPR | ૦.૫ | ૭.૩૭૦ | ૧૦૨૮ | ૩૩૮ (૧૮ બિલ) |
| | | કુલ | | ૯.૫ | ૪૨.૨૫૬ | | |

ઉપરોક્ત વીજજોડાણ નંબર ૮૧૮૦૨/૦૪૩૭૬/૪ માં વિવાદિત વીજમીટર ચેન્જ પહેલાના ૧૮ માસનો સરેરાશ વીજ વપરાશ ૨૯૦ યુનિટ છે. જ્યારે વિવાદિત વીજમીટર ચેન્જ પછી જાન્યુ ૨૦૧૮ બિલ્ડ ઇન ફેબ્રુ ૨૦૧૮ થી મે-૨૦૧૯ બિલ્ડ ઇન જૂન-૨૦૧૯ સુધી કુલ ૧૭ માસમાં ફક્ત ૩૪૩ યુનિટનો જ વીજ વપરાશ કરેલ છે એટલેકે ફક્ત ૨૦ યુનિટનો જ સરેરાશ વીજવપરાશ કરેલ છે. વીજજોડાણ નંબર ૮૧૮૦૨/૦૩૬૯૬/૨ માં વિવાદિત વીજ મીટર ચેન્જ પહેલાના ૧૮ માસનો સરેરાશ વીજ વપરાશ ૧૦૨૮ યુનિટ છે. જ્યારે વિવાદિત વીજમીટર ચેન્જ પછીના ૧૮ માસનો સરેરાશ વીજ વપરાશ ફક્ત ૩૩૮ યુનિટ છે. તેમજ શૈક્ષણિક સંકૂલમાં વિવાદિત વીજજોડાણ સાથે કુલ ૦૫ વીજજોડાણોનો કરારીત વીજભાર ૯.૫ કી.વો. થાય છે. જ્યારે સ્થળ રોજકામ દરમ્યાન જોડાયેલ કુલ વિજભાર ૪૨.૨૫૬ કી.વો. છે.

ઉપરોક્ત વિગતો પરથી સ્પષ્ટ જણાય છે કે સ્થળ પર અન્ય ચાર વીજજોડાણોનો વીજભાર વિવાદિત વીજજોડાણમાં "0" યુનિટના સમયગાળા દરમ્યાન જોડેલ છે. તેમજ લેબ રિપોર્ટના MRI વિગતમાં તારીખ-૧૧.૦૩.૨૦૨૦ થી ૧૦.૦૩.૨૦૨૧ ના સમયગાળા દરમ્યાન કુલ ૩૬૪ દિવસમાં ૮૬૨૬.૧૨ યુનિટનો વપરાશ કરેલ છે. જેથી ફલિત થાય છે કે ગ્રાહક દ્વારા ખરેખર વીજ વપરાશ કરેલ છે. જે વીજબિલના નાણાં ભરપાઈ કરવા પાત્ર છે.

એકી સાથે આપેલ યુનિટનુ નિયમ મુજબ ગ્રાહકના હિતમાં બિલીંગ સાયકલ પ્રમાણે બે-બે માસનું સ્લેબ વાઈઝ લેબ રિપોર્ટ મુજબ કુલ ૨૬૨૬૨.૫૬યુનિટનું બાયફર્ગેશનકરતાં રૂ.૧૭૩૩૬૫.૮૬ થાય છે. જેમાં પાછલી રકમ રૂ.૪૧૦૪.૭૧ બાકી છે. આમ ગ્રાહકે કુલ રકમ રૂ.૧૭૭૪૭૦.૫૭ ભરપાઈ કરવાપાત્ર થાય છે. જે વીજબિલમાં હપ્તા કરી આપવામાં આવશે.

P.G.V.C.L. Rajkot

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર શ્રી જસદણ વિકાસ ટ્રસ્ટ સંચાલિત સ્કુલમાં જસદણ વિકાસ ટ્રસ્ટ, ગ્રાહક નં.૮૧૮૦૨/૦૨૩૪૬/૧ થી ૦.૫ કી.વો.ના કરારિત વીજભારનું સીંગલ ફેઇઝ રહેણાંક હેતુનું વિજજોડાણ ધરાવે છે. અરજદારે

તા.૨૫.૧૨.૨૦૧૭ ના રોજ સોલાર સિસ્ટમ ફીટ કરવામાં આવેલ છે ત્યારબાદ પી.જી.વી.સી.એલ. દ્વારા તા.૧૯.૦૨.૨૦૨૧ ના રોજ વિછીયા પેટા વિભાગીય કચેરી દ્વારા એક સાથે રૂ.૧૮૮૬૧૪.૫૮ નુ બીલ આપવામાં આવેલ છે તેમજ છેલ્લા ૧.૫ વર્ષ (૧૮ માસ) થી કોરોનાને કારણે મીટરનો વપરાશ થયેલ નથી. વધુમાં કોઇપણ પ્રકારની આગોતરી સુચના આપ્યા વગર પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા વીજજોડાણ કાપી નાખવામાં આવેલ છે તેમજ વિંછીયા પેટાવિભાગીય કચેરી દ્વારા તા.૦૮-૦૭-૨૧ ના રોજ વીજજોડાણ ચાલુ કરવા કંપનીની લેણી રકમ દિવસ-30 માં ભરપાઈ કરવા જાણ કરેલ છે અન્યથા કંપની દ્વારા નિયમાધીન કાર્યવાહી કરવમાં આવશે. જેથી અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

૪.૨ ઉપરોક્ત બાબતે પી.જી.વી.સી.એલ.ની રજૂઆત મુજબ ફરિયાદી અરજદાર ગ્રાહક નં.૮૧૮૦૨/૦૨૩૪૬/૧ થી જસદણ વિકાસ ટ્રસ્ટના નામે ૦.૫ કીવોનું આર.જી.પી.આર. કેટેગરી હેઠળ તા.૨૫-૧૨-૨૦૦૨ થી વીજજોડાણ ધરાવે છે સદર વીજજોડાણમાં અરજદારની સોલાર રુફટોપની અરજીના અનુસંધાને નીચે મુજબ મીટર બદલાવેલ છે.

| Particulars | Old Meter Dt.25-12-17 | New Meter 25-12-17 | New Meter Dt.25-12-17 | Old Meter-As per MTLab |
|---|---|---|---|---|
| | C.No.81802-02346-1 | RRC 163683 | | |
| Make | HPL | HPL | L&T | HPL |
| Meter No | PGST00586068 | 01618745 | PGBSP001104 | PGST00586068 |
| Capacity | 05- 30A | 05- 30A | 05- 30A | 05- 30A |
| C. Reading | 15140 | 1 | 1.2365 | 15140 |
| Remarks | | For Solar Energy Generation | Bi Directional | Accuracy Test and Meter Found ok |

ઉપરોક્ત બદલાવેલ જુના મીટરનો મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં તા.૧૫-૦૨-૨૦૧૮ ના રોજ અરજદાર કે તેમના પ્રતિનિધિ હાજર ન રહેતા એક તરફી મીટરની ચકાસણી કરવામાં આવેલ જેના રીપોર્ટ મુજબ મીટરની એક્યુરેસી તેમજ મીટર બરાબર છે.

૪.3 સદર સોલાર મીટર લગાડ્યા બાદ પી.આર.ટી.-૧૪૫ મુજબ અરજદારના વીજવપરાશની વિગત નીચે પ્રમાણે છે.

| Consumer No:81802-02346-1 | | | | |
|---|---|---|---|---|
| Billing Month/Year | 2018 | 2019 | 2020 | 2021 |
| JAN,FEB | 310 | 0 | 0 | 942 |
| MAR,APR | 310 | 0 | 0 | 0 |
| MAY,JUN | 15140 | 0 | 0 | 0 |
| JUL,AUG | 0 | 0 | 0 | 0 |
| SEP,OCT | 320 | 0 | 0 | 0 |
| NOV,DEC | 0 | 0 | 24923 | |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

ઉપરોક્ત વીજવપરાશ વીજબીલ માહે મે-જુન-૨૧ માં અરજદારને રૂ.૧,૮૮,૮૩૧.૧૮ નું વીજબીલ તા.૧૫-૦૬-૨૦૨૧ ના રોજ અપાયેલ, સદર અપાયેલ બીલ અરજદાર દ્વારા ભરપાઈ ન થતા પી.જી.વી.સી.એલ. દ્વારા રજીસ્ટર એડી મારફતે તા.૦૮-૦૭-૨૦૨૧ ના રોજ અરજદારને નોટીસ આપેલ તે મુજબ દિવસ-30 માં બાકી લેણી રકમ અને પુનઃજોડાણનો નિયત ચાર્જ ભરપાઈ કરવો અન્યથા સદર વીજજોડાણ કાયમી ધોરણે રદ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે ત્યારબાદ કંપનીના ગ્રાહક તરીકે રહેશો નહિ.

ત્યારબાદ પીજીવીસીએલ દ્વારા તા.૧૦.૦૩.૨૦૨૧ ના રોજ પર્ફોમા- ૧૫નં. RRC ૨૫૧૦૫૧ થી વીજબીલની રકમ બાકી હોવાથી અરજદારના પ્રતિનિધિની હાજરીમાં મીટર સી.નં.PGBSP00૧૧૦૪, મેઇક-L&T, મીટરના છેલ્લા રીડીંગ-28650 KWHની સ્થિતિએ સર્વિસ ઉતારીને NPDC ની કાર્યવાહી કરેલ.

૪.૪ ઉપરોક્ત સવાલવાળા મીટરની મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં તા.૦૪-૦૮-૨૦૨૧ ના રોજ અરજદારના પ્રતિનિધિ શ્રી ધર્મેશભાઈ ઉકાભાઈ કટેશીયાની હાજરીમા મીટરની ચકાસણી કરવામાં આવેલ જેના રીપોર્ટ મુજબ Fwd KWH:૨૮૬૫૦ અને Rev KWH: ૨૩૮૭ અને મીટરની એક્યુરેસી તેમજ મીટર બરાબર છે. મીટરનો MRI લઈને ફરીથી ગ્રાહક પ્રતિનિધિની હાજરીમાં પેપરપેક કરેલ છે.

૪.૫ ઉપરોક્ત બાબતે અરજદારને એક સાથે ૦૩ વર્ષે મોટું બીલ આપેલ હોય તે અંગેની ફરિયાદ અરજદારે તા.૦૯-૦૮-૨૦૨૧ ના રોજ ફોરમ સમક્ષ નોંધાવેલ. ત્યારબાદ સદર કેઈસની સુનાવણી તા.૨૪-૦૯-૨૦૨૧ ના રોજ રાખવામાં આવેલ જેમાં અરજદાર અને પી.જી.વી.સી.એલ.ની રજૂઆત મુજબ સ્થળ તપાસ અને વીજવપરાશ અંગેની વિગતો ફોરમને જરૂર જણાયેલ હોય જે રજુ કરવા પી.જી.વી.સી.એલ. પક્ષકારને સુચના આપેલ.

૪.૬ સદર કેઈસની વધુ સુનાવણી તા.૨૨-૧૨-૨૦૨૧ ના રોજ રાખવામાં આવેલ જેમાં પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા તા.૩૦-૧૦-૨૦૨૧ થી કરાયેલ લેખિત રજૂઆત મુજબ નીચેના મુદ્દાઓ રજુ કરેલ.

1. અરજદારનું સોલાર રૂફટોપનું મીટર તા.૨૫.૧૨.૨૦૧૭ ના રોજ લગાવેલ હતું. જે એલ.ટી.બિલિંગ સિસ્ટમમાં જુન-જુલાઈ-૨૦૧૮ ની બિલિંગ સાયકલમાં અસર આવેલ હતી. પરંતુ ટેકનીકલ ભૂલના કારણે બીલમાં મીટર ન.PGST 00586068 આવેલ છે. જ્યારે સ્થળ ઉપર મીટર ન.1618745 છે. મીટર નંબરની આ પ્રકારની વિસંગતતાને કારણે મીટર રીડર દ્વારા નવે-૨૦૨૦ના બિલિંગ સુધી "૦" યુનિટનું વિજબીલ ગ્રાહકને આપવામાં આવેલ હતું.
2. પી.આર.ટી.-૧૪૫ મુજબ માહે નવેમ્બર-ડીસેમ્બર-૨૦૨૦ ના વીજબીલમાં ઈમ્પોર્ટ ૨૬૯૦૯ યુનિટ અને એક્ષ્પોર્ટ ૧૯૮૬ યુનિટના એમ કુલ ૨૪૯૨૩ (૨૬૯૦૯- ૧૯૮૬) યુનિટના બીલની રકમ રૂ.૧૭૯૦૯૦.૧૮ અને એરિયર્સ રૂ.૩૪૩૭.૬૧ ગણીને કુલ બીલ રૂ.૧૮૨૫૨૭.૭૯ નું બીલ તા.૨૮-૧૨-૨૦૨૦ થી આપેલ છે.
3. ફોરમની સુચના મુજબ તા.૧૮-૧૦-૨૦૨૧ ના રોજ કરેલ સ્થળ ઉપરનું ખાતાકીય રોજકામ મુજબ સ્થળ પર જસદણ વિકાસ ટ્રસ્ટના નામથી ટ્રસ્ટ સંચાલિત ખુબજ વિશાળ શૈક્ષણિક સંકૂલ આશરે ૧૫ વિઘાની જમીનમાં પથરાયેલું છે. જેમાં ગર્લ્સ/બોયઝ હોસ્ટેલ, વિવિધ લેબોરેટરી જેવી કે કોમ્પુટર લેબ, ફિઝીક્સ લેબ, કેમેસ્ટ્રી લેબ, લાઈબ્રેરી, ટ્રસ્ટીઓના રહેણાંક મકાન, ઓફિસો, બાલ મંદિર તથા ક્વાર્ટ્સ વગેરે આવેલ છે તેમજ બાસ્કેટ-બોલ અને ફૂલબોલ ગ્રાઉન્ડ વગેરે પણ આવેલ છે. વિવાદિત વીજ જોડાણના મીટર માંથી જે જગ્યાએ વીજ વપરાશ કરવામાં આવતો હતો તે સ્થળ એક મોટી ગર્લ્સહોસ્ટેલ/બોર્ડિંગ છે. જેમાં ભોંયતળિયે આશરે આઠ અલગ અલગ રૂમ તેમજ બે મોટા હોલ આવેલા છે. જેમાં સ્થળ રોજકામ મુજબ કુલ ૬.૩૭૮ કી.વો. વિજભાર જોડાયેલ માલૂમ પડેલ છે. જ્યારે વીજ જોડાણ ૦.૫ કી.વો. નું હતું જેમાં ૨.૦ કી.વો. સોલારરૂફ ટોપ સિસ્ટમ લગાડેલ છે.
4. ઉપરોક્ત મુદ્દા નં ૩.૮ (૪) મુજબ સદર જગ્યામાં કુલ ૦૫ વીજજોડાણ જુદી જુદી કેટેગરીના આવેલા છે.

૪.૭ પી.જી.વી.સી.એલ.ની રજૂઆત મુજબ સદર જગ્યામાં કુલ ૦૫ વીજજોડાણ આવેલા છે જેમાં સોલાર વીજમીટર લગાડ્યા પહેલા અને પછીના વીજવપરાશનો અભ્યાસ કરતા અન્ય ૦૨ વીજજોડાણ ગ્રાહક નં - ૮૧૮૦૨/૦૪૩૭૬/૪ અને ગ્રાહક નં ૮૧૮૦૨/૦૩૬૯૬/૨ માં સોલાર વીજમીટર લગાડ્યા બાદ સરેરાશ વીજ વપરાશ ખુબજ ઓછો નોંધાયેલ છે. તેમજ અરજદારનું સદર વિવાદિત સોલાર મીટર તા.૨૫-૧૨-૨૦૧૭ થી મીટર ઉતાર્યા તા.૧૦-૦૩-૨૦૨૧ સુધીમાં એટલેકે કુલ ૧૧૭૧ દિવસમાં ઈમ્પોર્ટ ૨૮૬૫૦.૫૫ યુનિટ અને

P.G.V.C.L. Rajkot Consumer Grievance Redressal Forum

એક્ષપોર્ટ ૨૩૮૭.૯૯ યુનિટના મુજબ વીજબીલમાં આકારવા પાત્ર કુલ ૨૬૨૬૨.૫૬ (૨૮૬૫૦.૫૫ - ૨૩૮૭.૯૯) યુનિટનો વપરાશ કરેલ છે તે મુજબ પ્રતિ દિવસ મુજબ સરેરાશ ૨૨.૪૩ વીજયુનિટનો વપરાશ કરેલ છે.

વધુમાં સવાલવાળા સોલાર મીટરના એમ.આર.આઈ. અહેવાલનો અભ્યાસ કરતા વીજ વપરાશની વિગતો નીચે મુજબ નોંધાયેલ છે.

| As Per MRI | | | | | | As per PRT | | |
|---|---|---|---|---|---|---|---|---|
| Date | Fwd. Kwh | Rev. Kwh | No. of Days | Diff Fwd. Kwh | Diff Rev. Kwh | Billing Date | F Kwh | R Kwh |
| 11-03-20 | 19336 | 1700 | | | | 19-02-20 | 0 | 0 |
| 25-03-20 | 19650 | 1716 | 14 | 314 | 16 | | | |
| 31-03-20 | 19758 | 1722 | 6 | 108 | 6 | | | |
| 30-04-20 | 20625 | 1748 | 30 | 867 | 26 | 23-04-20 | 0 | 0 |
| 15-05-20 | 21146 | 1757 | 15 | 521 | 9 | | | |
| 17-05-20 | 21218 | 1758 | 2 | 72 | 1 | | | |
| 31-05-20 | 21828 | 1758 | 14 | 610 | 0 | 27-07-20 | 0 | 0 |
| 30-06-20 | 22634 | 1758 | 30 | 806 | 0 | | | |
| 31-07-20 | 23352 | 1758 | 31 | 718 | 0 | | | |
| 31-08-20 | 24005 | 1758 | 31 | 653 | 0 | 21-08-20 | 0 | 0 |
| 30-09-20 | 24910 | 1769 | 30 | 905 | 11 | | | |
| 31-10-20 | 25827 | 1826 | 31 | 917 | 57 | 29-10-20 | 0 | 0 |
| 30-11-20 | 26513 | 1931 | 30 | 686 | 105 | | | |
| 31-12-20 | 27184 | 2045 | 31 | 671 | 114 | 28-12-20 | 26909 | 1986 |
| 31-01-21 | 27945 | 2161 | 31 | 761 | 116 | | | |
| 28-02-21 | 28414 | 2346 | 28 | 469 | 185 | 19-02-21 | 28159 | 2294 |
| 10-03-21 | 28650 | 2387 | 10 | 236 | 41 | 12-05-21 | 28159 | 2294 |

લોકડાઉન ના સમયગાળા તા.૨૫-૦૩-૨૦૨૦ થી તા.૧૭-૦૫-૨૦૨૦ સુધીમાં ઈમ્પોર્ટ ૧૫૬૮ યુનિટ (૨૧૨૧૮-૧૯૬૫૦) અને એક્ષપોર્ટ ૪૨ યુનિટ (૧૭૫૮-૧૭૧૬) મુજબ ૧૫૨૬ વીજયુનિટનો વીજવપરાશ નોંધાયેલ છે. તે મુજબ પ્રતિ દિવસ સરેરાશ ૨૮.૭૯ યુનિટ વીજવપરાશ નોંધાયેલ છે.

૪.૮ આમ, સદર કેઈસમાં અરજદારની રજૂઆત અને પી.જી.વી.સી.એલ.ની રજૂઆતનો વિગતવાર અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે સવાલવાળા મીટરમાં મીટર ટેસ્ટીંગના લેબ રીપોર્ટ મુજબ કોઈ ખામી નોંધાયેલ નથી પરંતુ મીટર રીડર દ્વારા વીજબીલ બનાવવામાં કરાયેલ ગંભીર ભૂલના કારણે અરજદારને "0" યુનિટના વીજબીલ આશરે ૦૩ વર્ષ સુધી અપાયેલ છે. તેમજ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અરજદારને અપાયેલ ૨૬૨૬૨.૫૬ યુનિટનું મીટર લગાડ્યાથી દ્વિમાસિક વીજબિલીંગ માહે જાન્યુઆરી-૨૦૧૮ થી માહે મે-૨૦૨૧ સુધીના સમયગાળામાં કરાયેલ કુલ વીજવપરાશને વિભાજન કરીને સ્લેબ વાઈઝ રીવાઈઝ બીલ બનાવેલ છે તે મુજબ કુલ ભરપાઈ કરવા પાત્ર થતી રીવાઈઝ રકમ રૂ.૧૭૩૩૬૫.૮૬ અને એરીયર્સની રકમ રૂ.૪૧૦૪.૭૧ ભરપાઈ કરવાને પાત્ર છે.

વધુમાં પી.જી.વી.સી.એલ.ની રજૂઆત મુજબ અરજદારના સદર સવાલવાળા વીજજોડાણની જગ્યામાં અન્ય ૦૪ વીજજોડાણ આવેલા છે જે તમામ વીજજોડાણનો વીજભાર વેરીફાય કરીને કુલ વીજભાર મુજબ એકત્રિકરણ કરવાની કાર્યવાહી કરીને એક જ જોડાણ ચાલુ રાખવું.

તદ ઉપરાંત, પી.જી.વી.સી.એલ.ના જવાબદાર અધિકારી/ કર્મચારી દ્વારા જે-તે સમયે સદર રકમની વસુલાત કરવા માટે યોગ્ય કાર્યવાહી થયેલ હોત તો સદર તકરાર ઉદ્દભવેલ ન હોત જેથી જવાબદાર અધિકારી/કર્મચારી સામે કંપનીના નિયમ મુજબ શિક્ષાત્મક કાર્યવાહી કરવા પી.જી.વી.સી.એલ. પક્ષકારને સુચના આપવામાં આવે છે તેમજ સદર પ્રકારની તકરાર ભવિષ્યમાં ઉભી ન થાય તે અંગે તકેદારીના યોગ્ય પગલા લેવા પી.જી.વી.સી.એલ. પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૯ ઉપરોક્ત મુદ્દા નં ૪.૮ મુજબની વિગતે અરજદારના વીજબીલની બાકી રહેલ કુલ રકમના ૦૪ (ચાર) સરખા વ્યાજ વગરના માસિક હપ્તા કરી આપવા ફોરમ દ્વારા નિર્ણય કરેલ છે. અરજદારે તેઓનું વીજજોડાણ પુનઃ ચાલુ કરવા માટે તા.૩૧-૦૧-૨૦૨૨ પહેલા પ્રથમ હપ્તાની રકમ ભરપાઈ કરવાની રહેશે જે રકમ ભરપાઈ થયા બાદ નિયમાનુસાર વીજજોડાણ ચાલુ કરવા પી.જી.વી.સી.એલ.ને સુચના આપવામાં આવે છે. ત્યારબાદ બીજા, ત્રીજા અને ચોથા હપ્તાની રકમ તા.૨૮-૦૨-૨૦૨૨, તા.૩૧-૦૩-૨૦૨૨ અને તા.૩૦-૦૪-૨૦૨૨ ના રોજ ભરપાઈ કરવાના રહેશે, તેમજ માહે જાન્યુઆરી-૨૦૨૨ થી રેગ્યુલર બીલ ભરપાઈ કરવાના રહેશે અન્યથા જો સદર કાર્યવાહી કરવામાં અરજદાર નિષ્ફળ રહેશેતો પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નિયમાધીન કાર્યવાહી કરવાની રહેશે તેમજ કરાયેલ તમામ કાર્યવાહીનો રીપોર્ટ દિવસ- ૩૦ આપવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૧૦ ઉપરોક્ત મુદ્દા નં ૪.૮ અને ૪.૯ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

Joshi Nitin Kumar

(એન.એચ.જોષી)
સભ્ય (સ્વતંત્ર)

(એન.સી.મકવાણા)
ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯